# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬૩ તા.૨૬ -૨-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી ધો.૬ થી ૮ ધરાવતી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૨૮-૨-૧૫ના રોજ **રાષ્ટ્રીય વિજ્ઞાન દિન** છે જે આપ જાણો છો. સ્કૂલ બોર્ડની શાળાઓમાં ધો.૬ થી ૮માં ભણતા વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયમાં રસ-રૂચિ વધે તે માટે સ્કૂલ બોર્ડ રાષ્ટ્રીય વિજ્ઞાન દિને 'લિટલ સાયન્ટિસ્ટ કાર્યક્રમ' ઉજવવા જઈ રહ્યું છે. જેમાં સ્કૂલ બોર્ડની ધો.૬ થી ૮ની ૮૦ શાળાઓના ૧૨૦૦ વિદ્યાર્થીઓ દ્વારા દ્વિતીય સત્રનાં વિજ્ઞાન પ્રાયોગિક નિદર્શન યોજેલ છે. આ ૮૦ શાળાઓ સિવાયની ધો.૬ થી ૮ની તમામ શાળાઓમાં ગણિત-વિજ્ઞાન વિષય લેતા હોય તેવા એક શિક્ષક સાથે વિજ્ઞાન-ગણિતમાં વિશેષ રૂચિ ધરાવતા બે વિદ્યાર્થીઓને તા.૨૮-૨-૧૫ના રોજ સવારે ૯-૦૦ કલાકે સ્કાઉટભવન, પાલડી ખાતે મોકલવાના રહેશે.

આ ઉપરાંત આ દિવસે સ્કૂલ બોર્ડના ૧૪૭ વિદ્યાર્થીઓને સવારે ૧૧-૦૦ કલાકે સ્કાઉટભવન ખાતે ઈન્સ્પાયર એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે. સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા ઈન્સ્પાયર એવોર્ડ મેળવનાર વિદ્યાર્થીઓના નામ જે-તે શાળાને આપવામાં આવેલ છે. તો જે-તે શાળાએ એવોર્ડ મેળવનાર વિદ્યાર્થી તેના વાલી સાથે અચૂક હાજર રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે, જેની નોંધ લેશો.

તા. ૨૬-૨-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી